R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 03 DATE: 19-01-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનન્ત
પાલડી,અમદાવાદ-૭







## વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટનું વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ઉદ્‌ઘાટન કર્યુ

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટની નવમી કડીનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યપાલ,મુખ્યમંત્રી,નાયબ મુખ્યમંત્રી, ૧૫ પાર્ટનર દેશોના ઉચ્ચ પ્રતિનિધિઓ,ઉઝબેકીસ્તાન,માલ્ટા,ડેન્માર્ક, ચેક રિપબ્લિકના વડાપ્રધાનો, મુકેશ અંબાણી,ગૌતમ અદાણી, સહિતના ટોચના ભારતના ઊદ્યોગપતિઓ,સીઈઓની મંચ પર ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કર્યુ હતું.જેમાં તેમણે ભારતમાં મુડીરોકાણ કરનારાઓને વિશ્વસ્ત કર્યા હતા. તથા તેમણે ભારતમાં મુડીરોકાણને કારણે પાછળના ચારવર્ષો દરમિયાન ભારતે આર્થિક,નાણાંકીય,માળખાકીય,આરોગ્ય, પ્રવાસન, વેરાકીય સહિતના ક્ષેત્રે જે હરણફાળ ભરી છે તેના પરિણામે વૈશ્વિક ઊદ્યોગ સાહસિકો માટે ભારતમાં મુડી રોકાણનો આદર્શ સમય છે અને તક છે તે માટે આમંત્રણ આપ્યું હતું.

## પશ્ચિમ બંગાળમાં બાજપને રથયાત્રા કાઢવાની સુપ્રીમ કોર્ટે મનાઇ ફરમાવી

ભારતીય જનતા પાર્ટીને પશ્ચિમ બંગાળમાં રથયાત્રા કાઢવાની સુપ્રીમ કોર્ટે મનાઈ ફરમાવી દીધી છે.સુપ્રીમે કહ્યું છે કે ભાજપની યાત્રાથી પશ્ચિમ બંગાળમાં તોફાનોની ભીતિ નકારી શકાય તેમ નથી.અને તેનાથી રાજ્યમાં સામાજિક માળકાને અસર થઈ શકે છે.જો કે કોર્ટે કહ્યુ હતું કે ભાજપના રાજ્ય એકમ મીટીંગો અને રેલીઓ કરી શકે છે.અને તે મામલે રાજ્ય સત્તાવાળાઓ પાસેથી નવેસરથી મંજુરી લેવાની સુચના આપી છે.

આ આદેશ જારી કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હહતું કે જો ભાજપ રાજ્યમા રથયાત્રા યોજના માટે સુધારેલી યોજના લાવે છે તો તે મામલે નવેસરથી વિચારણા કરી શકાય તેમ છે. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈની આગેવાની હેઠળની બેન્ચે સત્તાવાળાઓને તેની સુચિત રથયાત્રાના સુધારેલા શિડ્યુલ રજુ કરવા અને જરુરી મંજુરીઓ લેવા ભાજપના રાજ્ય એકમને સુચના આપી છે. સુપ્રીમ કોર્ટે બોલવાની અને અભિવ્યક્તિના મુળભુત અધિકારને ધ્યાનમાં રાખીને રથયાત્રા માટે ભાજપની અરજી અંગે નક્કી કરવા માટે પશ્ચિમ બંગાળને સુચના આપી છે.

## પત્રકારની હત્યાના કેસમાં ડેરા સચ્ચા સૌદાના રામરહિમ સહિત દોષિતોનેસજા

૨૪ ઓક્ટો.૨૨૦૨ના રોજ હરિયાણાના અખબાર પુરા સચના પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યાના કેસમાં પંચકુલાની વિશેષ સીબીઆઈ અદાલતે ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામરહીમ સહિત ચાર આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા અને જન્મટીપની સજા ફટકારી હતી.ગુરમીત રામરહીમને રોહતકની સુનેરીયા જેલમાંથી વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા અદાલતમાં હાજર કરાયા હતા.ઓગષ્ટ ૨૦૦૭માં બે સાધ્વીઓ પર કરાયેલા બળાત્કાર કેસમાં રામરહીમ દોષિત ઠર્યા હતા.તેમજ ત્યાર બાદ થયેલી હિંસામાં ૪૦ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.જેના કારણે રામરહીમને વીડીયો કોન્ફરન્સીંગ દ્વારા કોર્ટમાં હાજર કરાયા હતા.ચારેય આરોપીઓને દોષિત ઠેરવવામાંચ ખટ્ટાસિંહની જુબાની અત્યંત મહત્વની બની રહી હતી.જજ જગદીપસિંહે ગુરમીત રામરહીમને આઈપીસી ધારા ૩૦૨ અને ૧૨૦(બી) અંતગર્ત પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યા માટે દોષિત ઠેરવ્યા હતા.હાલમાં રામરહીમ રોહતકની સુનેરીયા જેલમાં બે સાધ્વીઓ પર બળાત્કારના અપરાદમાં ૨૦ વર્ષનીકેદની સજા કાપી રહ્યા છે.પત્રકારના પુત્ર અંશુલે કોર્ટના ચુકાદાને આવકારતાં કહ્યુ હતુંકે મારા પિતાના હત્યારાઓને ફાંસી થવી જોઈએ અને ૧૬ વર્ષથી આશા રાખી રહ્યા હતા કે અમને ન્યાય મળશે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## જવાહરલાલ નહેરુ યુની.માં કથિત ભારત વિરોધી સુત્રોચારના મામલે ત્રણ વર્ષ બાદ ચાર્જશીટ દાખલ કરાઇ

જવાહરલાલ નહેરુ યુનીવરસીટીમાં કથિત ભારત વિરોધી સુત્રોચારના મામલે સુપ્રીમની ટીકા છતાં દિલ્હી પોલીસે આ કેસમાં કનૈયાકુમાર, ઉમર ખાલીદ,અને અનિબાર્ન ભટ્ટાચાર્ય સામે ચાર્જશીટ દાખલ કરી છે.લગબઘ ત્રણ વર્ષ અગાઉ જેએનયુમાં કરામાં આવેલા કથિત દેશદ્રોહી સુત્રોચારો અંગે તપાસ પુરી થઈ ગઈ છે.સ્પેશીયલ સેલ દ્વારા આ મામલે ચાર્જશીટ દાખલ કરાઈ છે.જેમાં જેએનયુના વિદ્યાર્થી સંઘના પુર્વ નેતા કનેયાકુમાર સહિત ૧૦ વિદ્યાર્થીઓના નામ સામેલ છે.આ સબંધે પોલીસ કમિશ્નરની જરુરી મંજુરી લેવામાં આવી છે.જેએનયુંમાં આયોજીત એક કાર્યક્રમમાં કથિતરુપે દેશ વિરોધી સુત્રોચાર કરવામાં આવ્યા હતા.

## ટ્રમ્પ સરકાર એચ-૧બી વિઝા નિયમોમાં ફેરફાર કરવા વિચારણા કરી રહી છે

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ્ ટ્રમ્પે કહ્યુ હતું કે તેઓ એચ-૧બી વિઝામાં ફેરફાર કરવાની યોજના બનાવી રહ્યા છે.જેઓ ઉચ્ચ શિક્ષિત છે અને કામચલાઉ વિઝા તેમને ઈસ્યુ થયા છે તેમને વિશેષ શ્રેણીમાં કામ કરવાની મંજુરી આપવામાં આવશે.જેથી એચ-૧બી વિઝા સરળતા અને નિયમિતતા લાવશે.જેથી વર્કસ અમેરિકન નાગરિક બનવાની શક્યતા બને.અમે નિપુણ અને ઉચ્ચ શિક્ષિત લોકોને પ્રોત્સાહિત કરવા માંગીએ છીએ,જેતી તેમને અમેરિકામાં કેરીયર બનાવી રહેવાનો વિકલ્પ મળવો જોઈએ. અમેરિકામાં એચ-૧બી વિઝા હોલ્ડર્સને અહી રહેવા માટે અમે ટુંક સમયમાં ફેરફાર કરી શું.જેથી સંભવિત નાગરિકત્વ સહિત અહીં લાંબા સમય સુધી રહી શકે એમ ટ્રમ્પે ટ્વિટ કર્યુ હતું.હાલમાં દેશની દક્ષિણ બ ાજુની બોર્ડરે સૌથી મોટી દિવાલ બાંધવા માટે જ્યાં સુધી ૫.૬ અબજ ડોલર તેઓ સુરક્ષિત નહીં કરે ત્યાં સુધી અમેરિકામાં ટ્રમ્પ અને ડેમોક્રેટસની યુએસ કોગ્રેસમાં પડેલી મડાગાંઠ ઉકેલાશે નહીં.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

એલીસબ્રીજના વીએસ હોસ્પીટલ પરિસરમાં રુ.૭૫૦ કરોડના ખર્ચે ઊભી કરાયેલી અદ્યતન મેડિકલ સુવિધાથી સજ્જ અને ગુજરાતની પ્રથમ એર-એમ્બ્યુલન્સ માટે હેલીપેડની સુવિધાવાળી સરદાર વલ્લભભાઇ પટેલ પબ્લીક હોસ્પીટલનું વડાપ્રધાન મોદીના વરદ હસ્તે લોકાર્પણ થયું.અમદાવાદને એક નવી હોસ્પીટલ મળી તેનો આનંદ થયો.હોસ્પીટલમાં વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઇ છે તેવી જાણકારી અપાઇ છે પરંતુ સામાન્ય જનતા સુધી તે પહોચે તે જરુરી છે.આશા રાખીએ કે વડાપ્રધાને વલ્લભભાઇ પટેલનું સપનું પુરુ કરવા માટે જે પ્રયાસ કર્યો છે તે માટે તેમને આપણે અભિનંદન પાઠવીએ.દેશમાં મેડિકલ ઉદ્યોગ બની ગયો છે.અને તેના કારણે તબીબી સારવાર અત્યંત ખર્ચાળ બની ચુકી છે.મોભો અને ધન ધરાવતા લોકો માટે મોંધી સારવાર ઉપલબ્ધ બને છે પરંતુ દેશની ગરીબ અને સામાન્ય જનતાને માટે આપણે ઇચ્છીએ કે સારી,સસ્તી અને ઉચ્ચ કક્ષાની સારવાર ઉપલબ્ધ બને.

હોસ્પીટલમાં જે સારવાર માટેની ફી દર્શાવાઇ છે તે સામાન્ય અને ગરીબ દર્દીઑ માટે વધારે પડતી છે. જો કે વડાપ્રધાન દ્વારા અમલી યોજનાઓ દ્વારા ત્યાં સારવાર મળવાની હોય તો તે યોગ્ય ગણાશે.પરંતુ જો કે તેને કોર્પોરેટ સેકટરની માફક જ ચલાવવાની હોય તો તે માત્ર દેખાવ પુરતી ભવિષ્યમાં બની રહેશે. જુની વી.એસ.હોસ્પીટલ અનેક ગરીબો માટે સસ્તી અને સારી વ્યવસ્થા વાળી હોસ્પીટલ હતી.તેથી વિરોધ કરનારાઓને શક હોય કે નવી હોસ્પીટલમાં તેમને યોગ્ય વ્યવસ્થા મળી શકશે કેમ.

અમદાવાદ અને ગાંધીનગર હાલમાં વિદેશી મહેમાનોથી ધમધમી રહ્યા છે. નવમી વાઇબ્રન્ટ સમીટમાં દેશ વિદેશથી અનેક મહેમાનો આવ્યા છે. તેમને માટે યોગ્ય વ્યવસ્થાઓ અને સમારંભોથી અમદાવાદ અને ગાંધીનગરની પ્રજા ચકાચોંધ છે.ટ્રાફિક અડચણમાંથી માર્ગ કાઢવો કપરો જણાય છે. પરંતુ જે પ્રકારે આયોજન કરવામાં આવેલા છે તેનાથી નાગરિકો ખુશ ખુશાલ દેખાય છે. લોકોને ઉત્સવો અને સમારંભો ગમતા હોય છે. અને આયોજકોને પણ તેમાં ભારે રસ હોય છે. માત્ર તમામ આયોજનોમાં પીસાતા સરકારી કર્મચારીઓ મને કમને તેમાં જોડાતા હોય છે અને પરિણામે કેટલીક વખતે અવ્યવસ્થાઓ ઉભી થતી જોવા મળે છે.એટલા બધા વીઆઇપીઓનો મેળાવડો છે તેનાથી અનેક સીક્યુરીટી વગેરના પ્રશ્નો સામે સતત આ લોકોને પોતાને જોતરવાની હોય છે.પરિણામે જ્યારે આ સમિટનું સમાપન થશે ત્યારે તેઓને હાશ થશે.દેશમાં પધારેલા મહેમાનો માટે ભોજનથી લઇને રહેવા અને ફરવામાં કોઇ કચાશ રખાઇ નથી.ફાઇવ સ્ટાર વ્યવસ્થા અપાઇ છે.વિવિધ પ્રકારના વ્યંજનો પીરસાયા છે.ગુજરાતની મહેમાનગતિથી મહેમાનો ગદગદિત થઇ ગયા છે.જો કેઆપણે તેમને અહીયાં ઇન્વેસ્ટમેન્ટ કરવા માટે બોલાવ્યા હતા જ્યારે કેટલાક દેશોના પ્રતિનિધિઓ તેમને ત્યાં રોકાણ કરવા અને ઊદ્યોગો સ્થાપવા માટેનું માર્કેટીંગ કરતા હતા.નાના દેશોને આવું માર્કેટીંગ કરવાનું પોષાય નહી પરંતુ આપણે સામે ચાલીને આપેલી તક તેઓ વેડફી દે તેટલા મુર્ખ નથી તેથી તેઓએ જેટલો ઉપયોગ થાય તેટલો કર્યો.ઇન્ટરનેશનલ ફાઇવ સ્ટાર હોટેલ્સ ફેસેલીટી અને તેવી મહેમાનગતિ કરવાથી કોઇપણ જાતની સુગ લાગી નથી.નોનવેજ,અને ડ્રીક્સની પણ અધ્યતન વ્યવસ્થા પુરી પડાઇ છે આને કહેવાય ગુજરાતની મહેમાનગતિ.

છેલ્લે સરકારે સીબીઆઇમાંથી તમામ બખેડો દુર કરવા માટે તમામ અધિકારીઓને સીબીઆઇમાંથી ખદેડી મુક્યા અને તંગદીલી ઘટાડવાનો પ્રયાસ કર્યો છે.સીબીઆઇ સફાઇ અભિયાનમાં વિશેષ નિયામક રાકેશ અસ્થાના સહિતના સીબીઆઇના ચાર અધિકારીઓના કાર્યકાળમાં કાપ મુકાયો છે.અસ્થાનાને કોર્ટ તરફથી રાહત મળી નથી.કોર્ટે અસ્થાના સામે આપેલ મનાઇ હુકમ ઉઠાવી લેતાં કાયદા મુજબ કાર્યવાહી કરવાનો માર્ગ મોકળો થતાં તેમની બદલી કરી દેવાઇ છે.સીબીઆઇના ઇતિહાસમાં પહેલી વાર એવું બન્યું છે કે એજન્સીના વડા સામે આ રીતે પગલાં લેવામાં આવ્યા હોય. જો કે બદલી થતાંજ આલોક વર્માંએ પોતાનું રાજીનામું આપી દીધું હતુ. હાલ પુરતું તો સરકાર સીબીઆઇના બખેડામાંથી બહાર નીકળી છે.૨૦૧૯ની ચુંટણીની પ્રાથમિક તૈયારીમાં લાગી ગઇ છે તેથી વિવિધ પ્રકારના આયોજનો,ઉત્સવો અને મેળાવડા માટે પ્રજાએ તૈયાર રહેવાનુ છે.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

**કેર કોમ્પુયટર સેન્ટર**

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## સલામતીના કારણોસર રેલ્વે સ્ટેશનો પણ સીલ કરવાની યોજના : ૨૦ મીનિટ વહેલા સ્ટેશને પહોચવુ પડશે

રેલવે સ્ટેશનો પર સલામતી વ્યવસ્થાને મજબુત કરવા માટે એરપોર્ટની જેમ તેને પણ સીલ કરી દેવાની યોજના બનાવી છે.આ અંતગર્ત હવે મુસાફરોને ટ્રેન પકડવા માટે નિર્ધારિત સમયથી ૧૫થી ૨૦ મીનીટ પ હેલા સ્ટેશને પહોચવું પડશે. જેથી સુરક્ષા ચેકીંગની પ્રક્રિયા પુર્ણ થઇ શકે. હાઇ એન્ડ ટેકનોલોજીની આ સાથે આ વ્યવસ્થા હાલ પ્રયાગરાજ(અલ્હાબાદ) રેલ્વે સ્ટેશનને લાગુ કરાઇ છે. જ્યાં કુભના અવસર નિમિત્તે મોટી સંખ્યામાં યાત્રીઓ પહોચશે. કુંભ મેળાની શરુઆત આ મહિનાથી થઇ રહી છે. સલામતી સિસ્ટમ વધારવા માટે અમલમાં આવનારા આઇએસએસ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૩૮૫.૦૬ કરોડ થશે. આ સિવાય કર્ણાટકના હુબલી સ્ટેશને પણ આ વ્યવસ્થા અમલી કરાશે.બંને સ્ટેશનો પર પાયલોટ પ્રોજેકટ અંતગર્ત આ વ્યવસ્થા શરુ કરવામાં આવશે.ત્યારબાદ દેશના ૨૦૨ સ્ટેશનો પર મુસાફરોને ટ્રેનના સમયથી ૧૫-૨૦ મીનિટ અગાઉ પહોચી જવું પડશે.

## ૧લી ફેબ્રુઆરીથી પેકેજ નહીં પણ મનપસંદ ચેનલ પ્રમાણે જ ચાર્જ વસુલી શકાશે

કેબલ ટીવી અને ડીશના ગ્રાહકોએ કેટલીક વખત એ ચેનલોને ભાડુ ચુકવવું પડે છે. જે ચેનલ તેમણે ક્યારેય જોઇ જ હોય.એનું કારણ એ હોય છે કે એ ચેનલ એક પેકેજનો ભાગ હોય છે. પરંતુ ફેબ્રુઆરીથી એમાં ફેરફાર થશે.અગાઉ આ ફેરફારની માર્ગરેખા ડિસે.હતા પરંતુ કેટલીક કંપનીઓ આમાં સફળ રહી નથી.એટલે ટ્રાઇએ હવે ૧ ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી છે.

ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઇન્ડીયાએ હવે નવી પ્રાઇસીંગ અને ચેનલ સિલેક્શન સિસ્ટમ માટે સેટેલાઇટ અને કેબલ ટીવી ઓપરેટરને ૩૧ જાન્યુ.સુધીનો સમય આપ્યો હતો.નવી સિસ્ટમ અંતગર્ત દર્શકોએ કોઇ પેકેજ માટે ભાુડુ ચુકવવાને બદલે પસદંગીની ચેનલનુ જ ભાડુ ચુકવવાનું રહેશે.એનાથી હવે દર્શકો પાસે મનપસંદ ચેનલ સિલેક્ટ કરવાનો વિકલ્પ રહેશે.

જો કે પેકેજ પરની ઓફર યથાવત રહેશે.પરંતુ ગ્રાહકોને ફક્ત પેકેજમાં આપેલી ચેનલોનું ભાડુ આપવાનુ ફરજીયાત રહેશે નહીં.નિયમ પ્રમાણે તો ગ્રાહકો પાસે કોઇ એક ચેનલ પસંદ કરવાનો વિકલ્પ છે,પરંતુ સર્વીસ પ્રોવાઇડર ચેનલનું પેકેજ તેમને આપી દે છે.

## કર્ણાટકમાં સત્તા હસ્તગત કરવા માટે અનેક હથકંડ્ડાનો ઉપયોગમાં સત્તાપક્ષ અને વિપક્ષ મેદાનમાં

સત્તા હસ્તગત કરવા માટે દેશમાં લોકશાહીની ઠેકડી ઉડાવતા શાશક અને વિપક્ષો કોઇ કચાસ રાખતા નથી. હાલમાં કર્ણાટકમાં સાંકડી બહુમતીથી સત્તા પર આવેલા શાસક પક્ષને ગબડાવવા માટે વિપક્ષના પેતરા બહાર આવ્યા છે. બેઉ બાજુએથી કકળાટ ચાલુ છે કે હોર્સ ટ્રેડીંગ ચાલી રહ્યું છે.કહેવાયું છે કે ભાજપ ૩૦ કરોડમાં ધારાસભ્યોની ખરીદી કરી રહ્યો છે તેવો આક્ષેપ કોગ્રેસ તરફથી કરવામાં આવી રહ્યો છે.જ્યારે ભાજપે પોતાની તરફેણ કરતાં ધારાસભ્યોને કોઇ રિસોર્ટમાં સંતાડી દીધા છે એવું મનાઇ રહ્યું છે.કુમારાસ્વામી-કોગ્રેસ ગઠબંધન સરકારથી અસંતુષ્ટોને પોતાના પક્ષે કરી રાજ્યમાં સરકાર રચવાના ઓપરેશન લોટ્સ શરુ કરતાં રાજકીય અંધાધુધી ચરમસીમા પર પહોચી છે.

## કેગે રફાલ ડીલમાં ઓડિટની વિગતો આપવાનો ઇન્કાર કર્યો : ખુલાસો સંસદના વિશેષાધિકારનો ભંગ ગણાશે

આરટીઆઇ એક્ટીવીસ્ટ વિહાર દુર્વેના સવાલના જવાબમાં કેગે આ માહીતી આપી હતી કે રફાલ ડીલમાં તેના ઓડિટ અંગે આ તબક્કે કોઇ ખુલાસો શક્ય નથી કારણકે આ રિપોર્ટને હજુ સુધી અંતિમ સ્વરુપ અપાયું નથી. તેથી આ માહિતી આરટીઆઇએક્ટની કલમ ૮(૧) હેઠળ આપી શકાય નહીં. તેનાથી સંસદના વિશેષાધિકારનો ભંગ થશે.રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટની કલમ ૮(૧)(સી)માં સં સદ અને રાજયની વિધાનસભાના વિશેષાધિકારનો ભંગ થતો હોય તેવા ખુલાસામાંથી માહિતી આપવામાં મુક્તિ અપાઇ છે.સુપ્રીમે ૩૬ રફાલ ડીલની પ્રાપ્તિ માટે ભારત અને ફ્રાંસ વચ્ચે થયેલી ડીલ ને પડકારતી અરજીઓ નકારી દીધી છે.તેનું કહેવું હતું કે આ કોન્ટ્રાકાટને બાજુએ મુકવા દેવાની જરુર પડે તે રીતે આ કેસમાં નિર્ણય લેવાની પ્રક્રિયા પર દેખરેખ શંકા ઉપજાવે તેવી કોઇ વાત નથી.

સરકાર દ્વારા સુપ્રીમમાં જે નોટ રજુ કરવામાં આવી હતી તેમાંજણાવાયું હતું કે કેગને આ અંગેની વિગતો આપવામાં આવી હતી અને તે પીએસીએ કેગના રીપોર્ટની ચકાસણી કરી હતી.હજુ રીપોર્ટ તૈયાર નથી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

**9825169386**



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

***યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ***

**એકસ.સીની.કન્સલ્ટન્ટ,**
**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**
**એકસ.સીની.કન્સલ્ટન્ટ**
**મોરારજી દેસાઇ આરોગ્યધામ,**
**હેલ્થ-વેલ્થ પ્લાનર**
**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**
**મો.૯૩૭૬૧ ૦૦૮૯૮**

E.mail : drhamparikh@yahoo.co.in

# ૪૦ લાખ સુધી ટર્નઓવરવાળી કંપનીઓને જીએસટી રજીસ્ટ્રેશનથી મુક્તિ

જીએસટી કાઉન્સીલની મળેલી ૩૨મી મહત્વની બેઠકમાં નાના વેપારીઓ અને લઘુ-મધ્યમ વર્ગના ઊદ્યોગોનેમાટે શ્રેણીબધ્ધ રાહતોની જાહેરાત કરવામાં આવી હતી.કાઉન્સીલના નિર્ણય મુજબ હવે વર્ષે ૪૦ લાખ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓને જીએસટીમાં રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ આપવામાં આવી છે. પહેલા આ મર્યાદા ૨૦ લાખની હતી.આમ જીએસટી રજીસ્ટ્રેશન માટે પહેલાં વર્ષે રુ.૨૦ લાખનું ટર્ન ઓવર ધરાવતી કંપનીઓ માફી મળતી હતી. જે મર્યાદા વધારીને હવે રુ.૪૦લાખ કરવામાં આવી છે.પુર્વોત્તર રાજ્યો માટે ૧૦ લાખની લીમીટ હવે ૨૦ લાખી કરાઇ છે.ઉત્તર પુર્વના રાજ્યો આમાં વધારો કે ઘટાડો કરી શકશે. સરકાર ચુંટણીલક્ષી કેટલીક જાહેરાતો કરીને પોતાની ઈમેજ સુધારવા માટે પ્રયત્ન કરવા લાગી છે.

# સુપ્રીમ કોર્ટે સીબીઆઇના ડાયરેક્ટરને પદ પર બેસાડ્યા બાદ સરકારે તેમને હટાવી દીધા

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતાવાળી સિલેક્ટ કમિટી દ્વારા સીબીઆઈના વડા આલોક વર્માને પદ પરથી હટાવી દેવાયા હતા.સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ૭૭ દિવસે આલોક વર્માએ ફરીથી સીબીઆઈ ચીફનો ચાર્જ લીધો હતો. જેમાં તેમની સત્તાની પાંખો કાપી લેવાઈ હતી. સીબીઆઈ વિવાદમાં નવો વળાંક આવ્યો છે કે સિલેક્ટ કમિટિએ તેમને આ પદ પ રથી દુર કરી દીધા છે. તેઓ જાન્યુ.૩૧મી નિવૃત થઈ રહ્યા છે. ત્યારે તેમને હવે ત્યાં સુધી ફાયર સર્વીસીઝ એન્ડ હોમગાર્ડના ડાયરેક્ટ જનરલ બનાવવામાં આવ્યા છે.



સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ એ નક્કી હતુ કે સરકાર તેમને આ પદ પર બેસવા દેશે નહીં કારણકે સરકાર વિરુધ્ધ તેમની પાસે એવી બાબતો છે જે સરકારને મુશ્કેલીમાં મુકી શકે છે.અડધી રાત્રે સીબીઆઈની ઓફીસમાંથી આવી બાબતોને લગતી ફાઈલો અને પુરાવા સરકારે એકત્રિત કરી લીધા હતા. છતાં પણ સરકાર કોઈ કસર છોડવા માંગતી નથી.

# હાઇકોર્ટમાં પવિત્ર યાત્રાધામમાં માત્ર હિંદુ ધર્મસ્થાનો સમાવેશ કરતાં જાહેર હિતની અરજી કરતાં સરકારને નોટિસ

ગુજરાત રાજ્યમાં સરકાર દ્વારા માત્ર હિંદુ ધર્મસ્થાનોમાં જ પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરાંતા તેના વિરોધમાં થયેલી જાહેર હિતની અરજીમાં હાઈકોર્ટે એક્ટિગ ચીફ જસ્ટીસ અનંત દવે અને જસ્ટીસ બિરેન વૈષ્ણવની ખંડપીઠે રાજ્ય સરકાર અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને નોટિસ ફટકારી છે.આ કેસમાં રાજ્ય સરકારે તેમનો પક્ષ સ્પષ્ટ કરવાનો રહેશે અને તેની સુનાવણી ૧૭મીજાન્યુઆરી રહેશે. હાઈકોર્ટમાં પીઆઈએલ કરીને અરજદારે એવી રજુઆત કરી હતી કે પવિત્ર યાત્રાધામના સ્થળોમાં માત્ર હિંદુ ધર્મના સ્થળોનો સમાવેશ કરવાની બાબત ગેરબંધારણીય છે કેમકે દરેક સરકારે બંધારણ મુજબ સેક્યુલર હોવી જોઈએ.પરંતુ ગુજરાત સરકારે પવિત્ર યાત્રાધામમાં હિંદુ સિવાયના અન્ય ધર્મો મુસ્લીમ, ખ્રિસ્તી ,શીખ વગેરેના ધાર્મિક સ્થળોનો સમાવેશ કર્યો નથી.તેથી રાજ્યોના અન્ય ધર્મના સ્થળોનો પણ પવિત્ર યાત્રાધામ તરીકે સમાવેશ કરીને ત્યાં આવતા ભાવિકો માટેની રહેવા સહિતની અન્ય વ્યવસ્થા ઊભી કરવા આદેશ કરવામાં આવે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૧૯૯૫માં એક ઠરાવ મારફતે પવિત્ર યાત્રાધામ વિકાસબોર્ડની રચના કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં આવેલાં વિવિધ ધાર્મિક સ્થળો ખાતે આવતાં ભાવિકો માટે રહેવા સહિતની તમામ વ્યવસ્થા કરવાનો હતો.આ બોર્ડના ચેરમેન તરીકે મુખ્યમંત્રીની નિમણુંક થઈ હતી.જેમાં પ્રારંભિક તબક્કે છ હિંદુ ધર્મસ્થાનોનો સમાવેશ થયો હતો.ત્યારબાદ સમય જતાં આ સંખ્યા વધીને૩૫૮ સ્થાનો સુધી પહોચી ગઈ છે.વધુમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે રાજ્ય સરકારે ઓગષ્ટ ૧૯૯૭માં છ યાત્રાધામ અંબાજી,ડાકોર,ગિરનાર,પાલીતાણા,સોમનાથ અને દ્વારકાનો સમાવેશ કર્યો હતો.ત્યાં પ્રાથમિક સુવિધા ઊભી કરવા માટે રુ.૨૪ લાખની ફાળવણી કરવામાં આવી હતી.જેમાં પીવાનું પાણી,મંદિર સુધી ચાલવાનો રસ્તો,જાહેર શૌચાલયો,ટેન્ટ,સેનિટેશનની કાર્યવાહી કરવામાં આવી હતી.તે સિવાય કચરાનો નિકાલ, પાર્કિંગ વ્યવસ્થા,રસ્તાનું સમારકામ તથા તબીબી સગવડ પણ ઉભી કરાઈ હતી. પરંતુ હવે આ સ્થળો ૩૫૮ થઈ ગયો છે. પરંતુ હિંદુ ધર્મસ્થાનો સિવાય અન્ય કોઈ ધર્મના સ્થાનોનો સમાવેશ કરાયો નથી.આ મામલે તંત્રને રજુઆત કરવામાં આવી હતી પરંતુતેનો કોઈ યોગ્ય પ્રત્યુત્તર મળ્યો નથી.બંધારણે તમામ ધર્મને સમાન ગણ્યા છે ત્યારે સરકારનું આ પ્રકારનું વલણ ગેરબંધારણીય છે.માત્ર એકજ ધર્મને પ્રોત્સાહન આપવું ગેરવાજબી છે. તેથી અન્ય ધર્મના સ્થાનોનો સમાવેશ કરવાનો આદેશ કરવો જોઈએ.અરજદાર નફીશ વતી એડવોકેટ કે.આર,કોષ્ટીએ આ જાહેરહિતની અરજી કરી છે.

# ૧૦% સામાન્ય અનામતનો લાભ મુસ્લીમ, અને ખ્રિસ્તીઓને પણ મળશે

કેન્દ્ર સરકારની તરફથી પ્રસ્તાવિત સામાન્ય વર્ગ માટે ૧૦ ટકા અનામતના વ્યાપમાં દેશના મુસ્લીમ અને ખ્રિસ્તી ગરીબો સહિત તમામ ધર્મોના લોકો સામેલ થશે.સામાજિક કલ્યાણ મંત્રી થાવરચંદ ગેહલોતે લોકસભામાં આ અંગેનું બંધારણ સંશોધન બિલ રજુ કરતાં કહ્યુ હતું કે તમામ ધર્મના લોકો આ બિલમાં સમાવિષ્ટ છે. તેમણે કહ્યુ હતું કે આ અનામતનો આધાર સામાજિક કે શૈક્ષણિક નથી પરંતુ આર્થિક છે.આ બિલને લઈને વિપક્ષ તરફથી સુપ્રીમ કોર્ટના એ નિર્ણયની વાત પણ થઈ જેમાં તેણે ૫૦ ટકા અનામતની મર્યાદા નક્કી કરી હતી.

આ અંગે જવાબ આપતાં અરુણ જેટલીએ કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટે જે કેપ લગાવી હતી તે જાતિગત અનામત અંગેની હતી. અરુણ જેટલીએ કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટ પોતાના નિર્ણયમાં અનેક વાર કહ્યુ છે કે અમે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને મળતાં અનામત પર જ આ મર્યાદા નક્કી કરી રહ્યા છીએ. તેની પાછળ અદાલતનો એ તર્ક હતો કે તમે જો અન્ય વર્ગ એટલે કે બિનઅનામત વર્ગ છે તેમના માટે સીટ નહીં છોડો તો પછી જુના ભેદભાવ તો સમાપ્ત કરી શકાશે પણ નવો ભેંદભાવ શરુ થઈ જશે.

# અન્ય દેશોની હિન્દુ લઘુમતિઓને ભારતમાં નાગરિકતા અંગેનું બિલ લોકસભામાં પસાર કરાયું

પાકિસ્તાન,બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી આવેલા બિન-મુસ્લીમ લોકોને નાગરિકતા આપવા અંગેનું બિલ વિપક્ષોના જોરદાર હંગામા બાદ લોકસભામાં પસાર થયું હતું.આ બિલનો વિરોધ કરનારા વિપક્ષોમાં કોગ્રેસ અને ડાબેરીઓ પણ હતા.અગાઉ ભાજપની સહયોગી રહી ચુકેલી ઉત્તરપુર્વની પાર્ટીઓ દ્વારા પણ આ બિલનો વિરોધ કરવામાં આવ્યો હતો.તેમના કહેવા પ્રમાણે આ બિલ બંધારણના મુળભુત પાસાઓની વિરુધ્ધ છે.

આસામ ગણ પરિષદે ભાજપ સાથે છેડો ફાડી નાંખ્યો હતો.આસામ એનડીએ સરકારે જ્યારથી આ બિલને રજુ કરવાની વાત કરી છે ત્યારથી વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે.આ બિલના વિરોધમાં દેખાવકારોને પોલીસ સાથે અથડામણ પણ થઈછે. દેખાવકારોએ મુખ્યમંત્રી સર્વાનંદા સોનોવાલના દિબ્રુગઠ ખાતેના ઘરને ઘેરાવ કર્યો હતો.નેશનલ હાઈવે બ્લોક કર્યા હતા. અને ૧૧ કલાકના બંધ બાદ અને વાહનોને નુકશાન પહોચ્યું હતું. આ ઉપરાંત ઓલ આસામ સ્ટુડન્ટ યુનીયનના કાર્યકર્તાઓ દ્વારા ભાજપની ઓફીસમાં તોડફોડ કરવાની કોશીશ થઈ હતી. જો કે સુરક્ષાદળોએ લાઠીચાર્જ અને રબર બુલેટનો ઉપયોગ કર્યો હતો. સરકારે રજુ કરેલા સીટીઝનશીપ(એમેન્ડમેન્ટ) બીલ ૨૦૧૬ દ્વારા બાંગલાદેશ,પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના બિન મુસ્લીમ લોકોને નાગરિકતા આપવાનો હેતુ છે.

આ બિલના વિરોધમાં બંધનું એલાન અપાયું હતું. જેના કારણે અમુક વિસ્તારોમાં બંધની અસરો જોવા મળી હતી.મોટભાગની દુકાનો,ઓફિસો, શિક્ષણ સંસ્થાનો અને અન્ય ખાનગી ઓફિસો બંધ રહ્યા હતા.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# આલોક વર્મા સામેની સીવીસી તપાસનો અહેવાલ જાહેર કરવા ખડગેની માંગ

સીબીઆઇના વડા અંગેનો નિર્ણય કરનારી ઉચ્ચ સ્તરીય ૩ સભ્યની પસંદગી સમિતિમાં ભ્રષ્ટાચારના આરોપ અંતગર્ત આલોક વર્માની હકાલપટ્ટી સામે વિરોધ નોધાવનાર એકમાત્ર સભ્ય કોગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન મોદીને બે પાનાનો પત્ર લખ્યો હતો અને તેમાં જણાવાયું હતું કે આલોક વર્મા સામેની સીવીસી તપાસનો અહેવાલ,જસ્ટીસ પટનાયકનો રિપોર્ટ અને ૧૦ જાન્યુ.એ મળેલી પસંદગી સમિતિની બેઠકની કામગીરીની વિગતો જાહેર કરવાની માંગ કરી હતી. તેમણે પડકાર ફેક્યો હતો કે આ મામલામાં તમામ માહિતી જાહેર કરવી જોઇએ જેથી જનતા પોતે પોતાના નિકર્ષ પર પહોચી શકે. સીબીઆઇના વચગાળાના વડા તરીકે એમ.નાગેશ્વર રાવીની નિયુક્તિને ગેરકાયદેસર ઠેરવતાં ખડગેએ કહ્યુ હતું કે નવા વડાની નિયુક્તિ માટે કોઇપણ પ્રકારના વિલંબ વિના તાત્કાલિક પસંદગી સમિતિની બેઠક બોલાવવી જોઇએ.ખડેગેએ તેમના પત્રમાં માંગણી કરી હતી કે આલોક વર્માની હકાલપટ્ટી માટે જવાબદાર સીબીસી દ્વારા કરાયેલી તપાસની સત્યતા, રેકોર્ડ પર મુકાયેલા દસ્તાવેજો અને સમિતિની કાર્યવાહી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. ખડગેએ આરોપ મુક્યો હતો કે સુપ્રીમ કોર્ટે આલોક વર્માની સામેની તપાસની દેખરેખ રાખવાની જવાબદારી જસ્ટીસ એ.કે.પટનાયકને સોપી હતી.પરંતુ તેમણે જ સીવીસીના તપાસ અહેવાલ પર પોતાના હાથ ઉંચા કરી દીધા હતા.

# અનામત મર્યાદા વધારવા બંધારણમાં સંશોધન હાનિકારક : શરદ પવાર

રાષ્ટ્રવાદી કોગ્રેસ પાર્ટી(એનસીપી)ના પ્રમુખ શરદ પવારે કહ્યુ હતું કે વિશેષજ્ઞોના હિસાબે અનામતની મર્યાદા વધારવા માટે બંધારણમાં સંશોધન તેના મુળ સિધ્ધાંતો માટે હાનિકારક છે.હાલમાં જ સંસદે સામાન્ય વર્ગના આર્થિક રીતે નબળાં વર્ગો માટે ૧૦ ટકા અનામત વાળા બિલને મંજુરી આપી છે. જેના પછી પવારનું આ નિવેદન આવ્યું છે.આ ઉપરાંત શરદ પવારે કહ્યુ હતું કે ચુંટણીને લક્ષમાં રાખીને નરેન્દ્ર મોદી સરકાર દ્વારા છેલ્લી ઘડીએ લેવાયેલા નિર્ણયથી મતદારો પર પ્રભાવ નહીં પડે.તેમણે એમ પણ કહ્યુ હતું કે પુર્વ વડાપ્રધાનિ મનમોહનસિંહ તથા શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેના જીવન પર આધારિત ફિલ્મો ક્રમશ એક્સીડેન્ટલ પ્રાઇમમીનિસ્ટર, અને ઠાકરે પણ મતદારોને કોઇપણ રીતે પ્રભાવિત કરી નહીં શકે.પવારે કહ્યુ હતું કે મતદારોનું મન બદલવા માટે લોકસભાની ચુંટણીના ટાંકણે મોદી સરકાર પ્રયાસો કરી રહી છે. પરંતુ તેમાં તે કોઇ રીતે સફળ થાય તેમ લાગતું નથી.

# પશ્ચિમ બંગાળમાં સવર્ણો માટે અનામત લાગુ કરવામાં નહીં આવે : મમતા બેનરજી

પશ્ચિમ બંગાળમાં સવર્ણ ગરીબો માટેનો અનામતનો કાયદો અમલી બનાવવા માટે થોડીક રાહ જોવી પડશે.મમતા બેનરજી સરકારનું કહેવું છે કે તે આ મામલે સુપ્રીમ કોર્ટના આદેશની રાહ જોશે. એ પછી જ સરકાર તેને અમલી બનાવશે.ઉલ્લેખનીય છે કે જ્યારથી કેન્દ્રની ભાજપ સરકાર આર્થિક રીતે પછાત લોકોને ૧૦ ટકા અનામત આપવાની જાહેરાત કરી ત્યાથી જ પશ્ચિમ બંગાળની સરકાર તેની બંધારણીય કાયદેસરતા પર સવાલ ઉઠાવી રહી છે.અગાઉ મમતા બેનરજીએ મોદી સરકારના આ નિર્ણયથી સામાન્ય વર્ગના લોકોને પ્રભાવિત થયાની આશંકા વ્યક્ત કરી હતી.તેમણે કહ્યુ હતું કે આનાથી આર્થિક રીતે પછાત વર્ગથી આવતા બાળકો માટે શિક્ષણ અને નોકરીમાંથી તકો અગાઉની સરખામણીમાં ઘટી જશે.તેમણે વાર્ષિક આવક આઠ લાખની મર્યાદા સામે સવાલ ઉઠાવ્યા હતા.મમતા બેનરજીએ કહ્યુ હતું કે ગરીબ વર્ગની દરેક વ્યક્તિની પહેલી સ્પર્ધા તેની સાથે જ હશે જે મહિને રુ.૬૦,૦૦૦ કમાતી હશે.એવામાં ખેડુતના દિકરાને નોકરી કેવી રીતે મળશે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# સુપ્રીમ કોર્ટમાં બે જજોની નિમણુંકના મામલે વિવાદ વકર્યો



‘ન્યાયતંત્રમાં કટોકટી‘ અંગે એક વર્ષ અગાઉ સુપ્રીમના ચાર જજોએ યોજેલી પત્રકાર પરિષદ બાદ ફરીએક વાર સુપ્રીમના જજોની નિમણુંક અંગે સુપ્રીમના એક જસ્ટીસે અસંતોષ વ્યક્ત કર્યો છે.આ મામલો એક જસ્ટીસને સુપ્રીમના જજ બનાવવા અંગેનો છે.સુપ્રીમ કોર્ટના જજ જસ્ટીસ સંજય કિશન કૌલે રાજસ્થાન હાઇકોર્ટના ચીફ જસ્ટીસ પ્રદીપ નંદરાજોગને સુપરસીડ કરીને દિલ્હી હાઇકોર્ટના જસ્ટીસ સંજીવ ખન્નાને સુપ્રીમના જજ બનાવવા સામે ચીફ જસ્ટીસ રંજન ગોગોઇને પત્ર લખ્યો છે. કર્ણાટક હાઇકોર્ટના ચીફ જસ્ટીસ દિનેસ મહેશ્વરી અને દીલ્હી હાઇકોર્ટના જજ સંજીવ ખન્નાની સુપ્રીમ કોર્ટના જજ તરીકે બઢતી અપાઇ છે.સુપ્રીમના પાંચ જજની કોલેજીયમે ૧૧ જાન્યુઆરીના રોજે આ બંને જજોને સુપ્રીમમાં લઇ જવાની ભલામણ કરી છે.

ચીફ જસ્ટીસ રંજન ગોગોઇ અને અન્ય ચાર સીનીયર જજો જસ્ટીસ એ.કે.સીકરી,જસ્ટીસ એસ. એ. બોબડે,જસ્ટીસ એન.વી.રામણ અને જસ્ટીસ અરુણ મિશ્રાએ કર્ણાટક હાઇકોર્ટના ચીફ જસ્ટીસ દિનેશ મહેશ્વરી સાથે જસ્ટીસ ખન્નાના નામની ભલામણ કરી હતી.

તેમના પત્રમાં જસ્ટીસ કૌલે કહ્યું હતું કે જસ્ટીસ નંદરાજોગ એક સક્ષમ જજ અને વહીવટદાર છે. અને તેથી નિર્ણય લેવામાં ઉતાવળ ના કરવી જોઇએ. આ નિર્ણયથી બારમાં સમસ્યા ઉભી થશે અને ન્યાયતંત્રમાં અસંતોષ જન્મશે.ઉલ્લેખનીય છે કે દિલ્હી હાઇકોર્ટના પુર્વ જજ જસ્ટીસ કૈલાસ ગંભીરે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખીને જસ્ટીસ ખન્નાને સુપ્રીમના જજ બનાવવાની ભલામણ સામે દરમિયાનગીરી કરવાની માંગણી કરી છે.વિવિધ હાઇકોર્ટના ૩૨ જજોને સુપરસીડ કરીને તેમને સુપ્રીમમાં લઇ જવાની પેરવી કરાઇ છે.

બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયાએ દિલ્હી હાઇકોર્ટના જસ્ટીસ સંજીવ ખન્નાની સુપ્રીમ કોર્ટમાં થયેલી નિમણુંકનો વિરોધ કર્યો છે. તેણે આ મામલે સુપ્રીમ કોર્ટની કોલેજીયમે કરેલી ભલામણને આડેધડ અને મનસ્વી ગણાવી હતી.વકીલોના સર્વોચ્ચ સંગઠન બીસીઆઇએ જણાવ્યુ હતું કે ચીફ જસ્ટીસ રંજન ગોગોઇના વડપણ હેઠળ પાંચ જજોની કોલેજીયમના નિર્ણયને બાર અને સામાન્ય માણસ અયોગ્ય અને ગેરવાજબી ગણાવે છે.

બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયાના મનન કુમાર મિશ્રાએ જણાવ્યુ હતું કે દેશના અનેક સિનિયર જજો અને ચીફ જસ્ટીસનું સુપરસેશન લોકો ચલાવી નહી લે અને જસ્ટીસ પ્રદીપ નંદરાજોગ અને જસ્ટીસ રાજેશ મેનનના નામોની ભલામણના અગાઉના નિર્ણયને રદ કરવાને આડેઘડ અને તરંગી ગણાવી રહ્યા છે.મિશ્રાએ ઉમેર્યું હતું કે આ લોકો ઇન્ટીગ્રેટી અને જ્યુડીશલ કમ્પીટન્સના લોકો છે.આ જજો સામે કોઇ પણ કારણસર આંગળી ન ઉઠાવી શકે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.